R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 21 DATE: 26-05-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭



## કર્ણાટકમાં વિધાનસભાની ચુંટણીઓમાં સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ બાદ વિરોધીઓની સરકાર રચાઇ જેમાં શપથ સમારોહમાં વિપક્ષી નેતાઓ ઉમટી પડ્યા

કર્ણાટકમાં વિધાનસભાની ચુંટણીઓમાં મોટા પક્ષ તરીકે ભાજપે જીત મેળવી હતી પરંતુ ગઠજોડમાં જેડીયુ અને કોગ્રેસની બહુમતી હતી છતાં રાજ્યપાલ વજુભાઈ વાળાએ પોતાની વિવેકબુધ્ધિનો ઉપયોગ કરીને ભાજપને સરકાર રચવાનું આમંત્રણ આપી દીધું અને યેદુરપ્પાએ કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ પણ ગ્રહણ કરી દીધા.

કોગ્રેસે આ બંધારણનો ભંગ છે કહીને અડધી રાતે સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા અને કોર્ટે અડધી રાત્રે તેની સુનાવણી ચાલું કરી.કોર્ટે ૨૪ કલાકમાં ફ્લોર ટેસ્ટનો આદેશ આપ્યો અને સીસીટીવી કેમરાની નજર હેઠળ આ બધું કરવાનો આદેશ આપ્યો પરિણામે હોર્સ ટ્રેડીગની જે શક્યતાઓ હતી તે થઈ શકી નહીં. અને અંતે ફ્લોર પર વિશ્વાસનો મત લીધા વગર જ યેદુરપ્પાએ પોતાનું રાજીનામું આપ્યું જે એક નામોશી ભરી ઘટના ઘટી.

કર્ણાટકમાં યેદુરપ્પા સરકારના પતનના કારણે ભાજપની દક્ષિણ ભારત સર કરવાના પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે.૨૦૧૯ની ચુંટણી પહેલા દક્ષીણ ભારતના મહત્વના રાજ્યમાં ભાજપની પીછેહઠે પાર્ટીના લોકસભામાં ૪૦૦ બેઠકો મેળવવાની યોજના પર સવાલો ઉભા કરી દીધા છે.હવે આ એક મોટો પડકાર ભાજપ સામે આવી ગયો છે.જો કે ચુંટણીમાં ધાંધલીઓને કારણે જે પ્રકારે બહુમતી મેળવાય છે તેમાં હવે પાર્ટીઓએ સચેત રહેવાની જરુર તો અવશ્ય પડશે જેથી લોકશાહીને નામે કોઈ ખોટી બહુમતી મેળવી ના જાય.૨૦૧૪ પછીની કેટલીક ચુંટણીઓમાં ઈવીએમ મશીનની ગરબડો ધ્યાને આવી છે પરતું ચુંટણી પંચ હજુ જોઈએ તેટલું સજાગ બન્યું નથી.

કર્ણાટક પછી હવે ભાજપ તેલંગાણા,આંધ્ર પ્રદેશ,પશ્ચિમ બંગાળ અને ઓડીશા પર ધ્યાન કેન્દ્રીત કરવા માંગે છે.ભાજપ માટે તેલંગાણા મહ્ત્વના રાજ્ય તરીકે જોવાઈ રહ્યું છે.જો કે હવે દક્ષિણના રાજ્યોમાં વિપક્ષો એકજુથ થઈ રહ્યા છે જે ભાજપનો ખેલ બગાડશે તેવું દેખાઈ રહ્યું છે.

જેડીએસ-કોગ્રેસ ગઠબંધનથી સંયુક્ત વિપક્ષી મોરચોની રચનાએ વેગ મળ્યો છે.કર્ણાટકમાં વિપક્ષી નેતાઓ બધા એકઠા મળ્યા પછી તેમને હવે ભાજપ સામે લડવા માટે પ્રોત્સાહન મળ્યું છે.વિપક્ષો ઈચ્છી રહ્યા છે કે કોગ્રેસની નેતાગીરીમાં નહી પરંતુ કોગ્રેસની ભાગીદારીમાં નવો મોરચો રચાય તેવી બાબતો ચર્ચાઈ રહી છે.કોગ્રેસે જેડીયુએસને સમર્થન આપીને તેણે સંયુક્ત વિપક્ષી મોરચાના દ્વાર ખુલ્લા કર્યા છે.જે આવકાર્ય બન્યું છે.

કર્ણાટક વિધાનસભાની ચુંટણીમાં ભાજપના નેતાઓ પ્રચાર દરમિયાન કોગ્રેસની ઓળખ પીપીપી એટલે કે કોગ્રેસ માત્ર પંજાબ,પાંડેચરી, અને પરિવારમાં સમાઈ જશે તેવું કહેતા હતા.ભાજપાનો આ અહંકાર તેમને ભારે પડયો છે.સતત દેશના ૨૨ રાજ્યોમાં ભાજપની સરકાર બની છે તેનો ઘમંડ હતો.ભાજપને હતું કે તેઓ કોઈપણ રીતે કર્ણાટકમાં પોતાની સરકાર બનાવી દેશે પરંતુ તેમની કોઈપણ જાતની કારી ફાવી નહીં.રાજ્યપાલને કારણે તેમણે યેદુરપ્પાને મુખ્યમંત્રી બનાવી દીધા પરંતુ તેઓ માત્ર ૫૫ કલાકના જ મુખ્યમંત્રી રહ્યા. જે દેશના ઈતિહાસમાં રેકોર્ડ સમાન છે.આ રેકોર્ડ ભાજપની પ્રતિષ્ઠાનું ધોવાણ કરનાર બન્યો છે.કર્ણાટકમાં ચુંટણી પછી જે પરિસ્થિતિ સર્જાઈ તેમાં વગર વિચારે સરકાર રચવાનો દાવો કરીને પોતાના હાથે પોતાની આબરુ ખોઈ છે.પ્રજાની સહાનુભુતિ તેમણે ખોઈ નાંખી છે.સત્તાના મદમાં તેમણે લાંબુ વિચાર્યું નહીં અને જે રીતે ગોવા,મણીપુર સરકારો બનાવી નાંખી તે રીત અજમાવતાં પોતાની આબરુ ખોઈ છે.

કોગ્રેસે ચુંટણીમાં હાર મેળવીને પણ જીત મેળવી છે.ઉપરથી કોગ્રેસના અધ્યક્ષે વડાપ્રધાનને ભ્રષ્ટાચારી તરીકે ઓળખાવી દીધા.કોગ્રેસે ચુંટણીમાં હારીને બાજી જીતી છે.કર્ણાટકમાં આ ગઠબંધનની સરકારની શપથવિધિ એક રીતે તો વિપક્ષી નેતાઓ માટે એક મેળાવડા સમાન હતો.વિપક્ષોમાં એક મેસેજ તો અવશ્ય ગયો છે કે તેઓ એકઠા મળે તો ભાજપને હરાવી શકાય તેમ છે.

કોગ્રેસ અને જેડીયુ એસનું ગઠબંધન કેટલું અને કેવું ચાલે છે તે અગત્યનું છે. પરંતુ વિપક્ષોએ ગઠબંધનને અવશ્ય ચલાવવું પડશે જો તેમણે ૨૦૧૯માં ભાજપનો મજબુત સામનો કરવો હોય તો. જો કે યેદુરપ્પાએ કર્ણાટકની પ્રજાને જલ્દીથી ચુંટણી આવશે તે માટે તૈયાર રહેવા માટે કહ્યુ છે.અને હવે જો ચુંટણી આવે તો તેઓ ૧૫૦ સીટો જીતશે તેવો વિશ્વાસ તેમણે જાહેર કર્યો છે.

રાજકીય નિરિક્ષકોનું માનવું છે કે જનતાદળ(એસ)ના કુમારસ્વામી જેવી પોતાના પ્રધાનમંડળની રચના કરશે કે તુરતજ મંત્રીપદ નહીં મેળવનાર અસંતુષ્ટો સક્રીય બનશે.તમામ વિધાનસભાના સભ્યોને હવે પોતાના મુલ્યની ખબર તો પડી ગઈ છે.અને ભાજપ તેમને લલચાવવા કોશીશ અવશ્ય કરશે જેથી મોરચાને તોડી શકાય.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કુદરતી ગરમીનો પ્રકોપ ચારે કોર પ્રવર્તી રહ્યો છે. કાળઝાળ ગરમીથી રાહત કેમ મેળવવી તે એક ગંભીર સવાલ છે. દેશમાં પાણીનો પુરવઠો સીમીત રહ્યો છે વેળાસર વરસાદ નહી પડે તો પાણીની સમસ્યા ઉદ્દભવી શકે તેમ છે.

આવા સમયમાં કર્ણાટકની ચુંટણીઓ બાદ જે સ્થિતિનું સર્જન થયું તે લોકશાહી માટે યોગ્ય નહોતું.કોગ્રેસે પાપ કર્યા હતા એટલે ભાજપને તે કરવાનો અધિકાર મળી જાય છે તેમ કહીને પોતાના પાપને ઢાંકવા પ્રયત્ન કરવો તે લાંછન સમાન છે. હું ચોકીદાર છું અને ભ્રષ્ટાચાર કરતો નથી કે કરવા દેતો નથી તેનો સીધો દાખલો સત્તા મેળવવા માટે હોર્સ ટ્રેડીંગના જે પ્રયત્નો થયા તે લોકશાહી માટે શરમ ઉપજાવે તેવા છે. ફરી એક જ વાત ભુતકાળમાં કોગ્રેસે કર્યુ હતું. પરંતુ તેથી તમને તેમ કરવાનો અધિકાર મળી જતો નથી. ભાજપના પ્રમુખના નિવેદનમાં જણાવાયું હતું કે જો અમને ૧૫ દિવસનો સમય મળ્યો હોત તો અમે અવશ્ય સરકારની રચના કરી હોત.તેનો મતલબ કે તમે એ પાપ કરવાના જ હતા પરંતુ તમને અવસર મળ્યો નહી.

હજુ ન્યાયતંત્રમાં વિશ્વાસ ટકી રહ્યો છે તેનું કારણ સુપ્રીમે ઝડપથી ફ્લોર પર જઈ બહુમતી સિધ્ધ કરવાનો નિર્ણય આપ્યો તે હતો.બહુમતી લોકોને આ નિર્ણયમાં વિશ્વાસ બેઠો કે ન્યાયતંત્રએ ઉચિત નિર્ણય આપ્યો ભલે આપણે ઈચ્છતા હતા તેવુ ના થયું હોય.

દેશમાં અરાજકતાનો દોર ચાલુ છે તેમ લોકોમાં અજંપો વધતો જાય છે.૨૦૧૪ની જે પરિસ્થિતિ હતી તે હવે આજે નથી રહી.૨૦૧૯માં પરિસ્થિતિ શું હશે તે પણ કહી ના શકાય પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે વિપક્ષી એકતા વધતી જશે તો ભાજપ માટે ચુંટણીમાં ભારે બહુમત મેળવવો કઠીન પડશે.એક,બે કે ત્રણ નેતાઓના હાથમાં જ સહુ સત્તાનો પાવર હોય તે પક્ષના તમામ કાર્યકરોને હવે મંજુર નથી.સત્તાનો સ્વાદ ચાખ્યા બાદ બધા આ બધું સ્વીકારી લે તેવું માનવું શક્ય નથી. જેથી પક્ષોમાં તડા પડવા અને જુથવાદ વિગેરેથી ચુંટણીમાં શક્ય એવા પરિણામો ના પણ મળે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.મોદી, શાહની એકહથ્થુ સત્તાને હવે પડકારો ઉભા તો થયા છે અને તેમાં અનેક શક્યતાઓ દેખાઈ રહી છે. સંઘ પાછળથી ગમે તેટલી કાર્યવાહી કરે તો સંગઠનમાં તુટ અવશ્ય દેખાઈ રહી છે.

વિપક્ષો ખરેખર એકજુથ બનશે તો ૪૦૦નો આંક વટાવવો સહેલો નથી.દક્ષિણ ભારત સર કરવું સહેલું નથી.બીજા અનેક રાજ્યોમાં બહુમતી મેળવવી અઘરી છે.

## જાણવા જેવું !

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઇ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

૧૯૨૭માં આવેલી સાઈલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.

વ્યક્તિ જ્યારે એક ડગલું ભરે ત્યારે તેના શરીરના બસો સ્નાયુઓ એકસાથે હલનચલન કરે છે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨



## છત્તીસગઢમાં એન્ટી કર્વઝન બીલનેકાયદાનું સ્વરુપ અપાયું

ઉત્તરાખંડ દેશનું સાતમુ રાજ્ય બન્યું જેમાં ધર્માતર કાયદો પસાર કરવામાં આવ્યો.હવેથી ઉત્તરાખંડમાં ધર્માતર કાયદા હેઠળ ધર્માંતર કરાવનારને જેલની સજા કરવામાં આવશે.ખ્રિસ્તીઓ વિરુધ્ધ કાયમી રીતે આ કાયદાનો દુરપયોગ થતો રહ્યો છે અને ખ્રિસ્તીઓ ધર્માંતર કરાવે છે તેવી એક આરોપ તેમના પર હંમેશા કટ્ટરવાદી હિંદુઓ દ્વારા સતત લગાવાતો રહ્યો છે.ગર્વનર ક્રિશ્નાકાંત પોલએ એપ્રિલ ૧૮ના દિવસે ફ્રીડમ ઓફ રીલીજીયન બીલ ઉપર હસ્તાક્ષર કર્યા હતા.જેને સ્ટેટ એસેમ્બલીએ એક મહીના પહેલા પસાર કર્યુ હતું. અને હવે તે ગર્વનરની ઓફીસમાં આગળની વિધી માટે મુકાયુ હતું.

ગર્વનરની આ બીલ પર સહી કરવામાં આવી છે તેવું રવિ બીજારનીયા,આસી.ડાયરેકટર,ઈન્ફોર્મેશન,ગર્વનર ઓફીસ દ્વારા જાણવામાં આવ્યુ હતું.આ બિલનો ઉદેશ્ય જબરજસ્તીથી કરાતું ધર્માંતરણ રોકવાનો છે.પરંતુ ખરેખર વાસ્તવિક રીતે આ બીલનો હેતું દરેક પ્રકારના ધર્માંતરણ રોકવાનો છે.કોઈ વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ પણ ધર્મ પરિવર્તન કરી શકે નહી.અને ખાસ કરીને લઘુમતિઓમાં ખ્રિસ્તી લઘુમતીમાં ધર્માંતરણ રોકવાનો ખાસ વિચાર આમાં સમાવેશ થાય છે.ઉત્તરાખંડ હવે ઓરીસ્સા,મધ્યપ્રદેશ,છત્તીસગઢ,ગુજરાત,હીમાચલ પ્રદેશ અને ઝારખંડ જેમણે ધર્માંતરણ બિલ અમલમાં મુક્યું છે.

ડો. જોન દયાલ,પ્રવક્તા, યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ અને ઓલ ઈન્ડીયા કેથોલીક યુનીયને, મોર્નિંગ સ્ટાર ન્યુઝને આપેલી એક મુલાકાતમાં જણાવ્યુ હતું કે આવા પ્રકારના કાયદાની શી જરુરીયાત છે કે જેને ઉપયોગ સરકાર કરવા માંગે છે તે વિશ્વભરના લોકોની સમજમાં આવતું નથી.માત્ર કટ્ટરવાદી વિચારધારાને પ્રોત્સાહન આપવું અને મત અંકે કરવા માટે તેનો ઉપયોગ કરવો તેનાથી વિશેષ કાંઈ નથી.

કોઈપણ પ્રકારની લાલચ કે જબરજસ્તીથી ધર્મ પરિવર્તન થતું હોય તેવા રાજ્યમાં ખ્રિસ્તી કે મુસ્લીમ કે શીખ લોકોની વસ્તી વધી ગઈ હોય તેવું વસતી ગણતરીઓના આંકડામાં દેખાતું નથી.રાજકીય આંકડાઓની રમતમાં પણ આવું કાંઈ દેખાતું નથી.આવી સચ્ચાઈ હોવા છતાં એવી ખોટી સ્પષ્ટતા કરવામાં આવી રહી છેકે ધર્માંતરણ થાય છે. અને લઘુમતિઓમા એક પ્રકારનો ભય ઉભો કરવા માટેની આ બાબત હોવાનું સ્પષ્ટ થાય છે.કોઈપણ સત્ય નહી હોવાની આડમાં,માત્ર એક જ ખુલાસો છે કે લઘુમતી કોમના લોકોમાં ભયનું વાતાવરણ સર્જવું અને ધાર્મિક સ્વાતંત્રતા કે જેમાં દલિત અને પછાત વર્ગના લોકો માને છે તેમના અધિકારો છીનવી લેવાનું ઉપલા વર્ગનું કાવતરુ છે જેમાં રાજકીય પાવર ભળેલો છે તેવું તેમણે કહ્યયુ હતું.

## કેન્દ્ર સરકારના પ્રસ્તાવથી ઓબીસી,એસી-એસટી કેટેગરીને ભારે નુકશાન થવાની ભીતી : યુપીએસસી ટોપર્સ આઇએએસ બનવાથી વંચિત રહી જશે !

દેશમાં યુનિયન પબ્લીક સર્વીસ કમિશન દ્વારા લેવાતી આઈએફએસ,આઈએએસ,આઈપીએસ સહિતની વિવિધ કેડર માટેની પરીક્ષાનું ખુબ મહત્વ છે.આ પરીક્ષાના માળખામાં કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે જરુરી સુધારા વધારા કરાયા છે. જો કે સીવીલ સર્વીસ પરીક્ષામાં સફળ વિદ્યાર્થીઓને કેડર અને સર્વીસ ફાળવવામાં મોટાપાયે બદલાવ લાવવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારે તૈયાર કર્યો છે. જેના કારણે વિવાદ પેદાથયો છે. અને વિપક્ષે આક્ષેપો કર્યા છે કે કેન્દ્ર સરકાર દ્વારા યુપીએસસી પરીક્ષામાં જે સુચિત બદલાવની સંભાવના જોવાઈ રહી છે એમાં મુખ્ય અને વિવાદાસ્પદ બાબત એ છે કે પરીક્ષામાં ટોપરનો આઈએએસ કેડર ન મળી શકે અને નીચેની રેન્ક ધરાવનાર જો ટ્રેનિગમાં સારુ પ્રદર્શન કરે તો તેનો આઈએએસમાં જવાની તક મળી શકે છે. વડાપ્રધાન કાર્યાલયના નિર્દેશને ધ્યાને રાખી ડીપાર્ટ. ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ દ્વારા પ્રસ્તાવિત સિસ્ટમ લાગુ કરવામાં માટે તમામ પક્ષોના સુચન માંગવામાં આવ્યા છે.પ્રસ્તાવ અનુસાર સફળ વિદ્યાર્થીને ફાઉન્ડેશન કોર્સમાં જે માર્ક મળે એને આધારે રાજ્ય અને સર્વિસની કેડર નક્કી કરાશે.હાલમાં સિવિલ સર્વીસ પરીક્ષાના ફાઈનલ પરિણામને આધારે કેડર અને સર્વીસ નક્કી કરવામાં આવે છે.કેન્દ્ર સરકારના સુચિત બદલાવનો બ્યુરોક્રેસીની પારદર્શિતા પર ઘા કરનારુ પગલં છે. તેમ દેશના તમામ વિરોધ પક્ષોનું કહેવું છે. સરકારનું આ કદમ સીવિલ સર્વિસની મેરિટ પધ્ધતિને બરબાદ કરી નાંખશે.કોગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલે કહ્યુ કે કેન્દ્ર સરકારના આ પ્રસ્તાવિત કદમનો સ્વીકારી શકાય નહીં. કેમકે એનાથી ઓબીસી,એસસી,એસટી કેટેગરીના વિદ્યાર્થીઓને પહેલાંની જેમ મોકા મળી સકશે નહીં.

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# મોદી સરકારના ખાતાઓમાં ઉથલપાથલ કરાઇ : સ્મૃતિ ઇરાની પાસેથી માહીતી ખાતુ રાઠોડને સોપાયું

કેન્દ્રીય મંત્રીમંડળમાં મોટાપાયે ફેરફારોના એંધાણ શરુ થઈ ગયા છે. મોદી સરકારને ૨૬ મે ના રોજ ચાર વર્ષ પુરા થશે.ત્યાંજ મોદી કેબિનેટમાં ફેરફારો થવાના સંકેતો મળી રહ્યા છે.મંત્રમંડળમાં ફેરફારોની શરુઆતમાં અરુણ જેટલી જેમની તબિયત બરાબર નથી અને હાલમાં જ તેમની કીડનીનું ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યુ છે તેમનું નાણાખાતુ હાલમાં કામચલાઉ ધોરણે પીયુષ ગોએલને સોપવામાં આવ્યુ છે.તેમની પાસે હાલમાં રેલવે મંત્રાલય પણ છે.નાણાંમંત્રાલયનો પણ કામચલાઉ ચાર્જ તેમની પાસે રહેશે.

જ્યારે બીજા મોટા ફેરફારમાં સ્મૃતિ ઈરાની પાસેથી માહીતી અને પ્રસારણ મંત્રાલય લઈ લેવાયું છે. સતત તેમની કામગીરી મુદ્દે વિવાદોમાં ઘેરાયેલા રહેવાને કારણે તેમની પાસેથી આ ખાતું લઈ લેવાયું છે.માહિતિ પ્રસારણ મંત્રાલયમાં રાજ્ય કક્ષાના મંત્રી તરીકે કામ કરતા રાજ્યવર્ધનસિંહ રાઠોડને આ મંત્રાલયનો સંપુર્ણ ચાર્જ સોપવામાં આવ્યો છે.આ પહેલા માનવસંશાધન મંત્રાલય પણ સ્મૃતિ ઈરાની પાસેથી આંચકી લેવાયું હતું. હવે માત્ર તેમની પાસે કાપડ મંત્રાલય બચ્યું છે જેમાં કોઇ ફેરફાર કરાયો નથી.

# પુર્વ વડાપ્રધાન મનમોહન સિંહે રાષ્ટ્રપતિને પત્ર લખીને નરેન્દ્ર મોદી કોગ્રેસને ધમકાવી રહ્યા છે તેમાં રોકવાની અપીલ કરી

પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે અને કોગ્રેસના અનેક વરિષ્ઠ નેતાઓએ રાષ્ટપતિ રામનાથ કોવિંદને પત્ર લખીને કહ્યુ છે કે નરેદ્ર મોદી અને અન્ય પક્ષોના નેતાઓ માટે અનિચ્છનીય અને ધમકીભરી ભાષાનો ઉપયોગ કરે છે.પત્રમાં મનમોહનસિંહ સહિતના કોગ્રેસના વરિષ્ઠ નેતાઓના હસ્તાક્ષર છે.હુબલીમાં એક રેલીને સંબોધતાં વડાપ્રધાન મોદીએ 'લેવાના દેવા પડી જશે' તે મુજબ કરેલા વિધાન સામે સખ્ત વાંધો લીધો છે. રાષ્ટ્રપતિને પત્ર લખીને અપીલ કરવામાં આવી છે કે વડાપ્રધાન મોદીને કોગ્રેસ અને અન્ય પક્ષના નેતાઓ વિરુધ્ધ અનિચ્છનીય અને ધમકીભરી ભાષાનો પ્રયોગ ના કરવા ચેતવણી આપીને તેમને રોકે.પત્રમાં કહેવામાં આવ્યું છે કે પ્રધાન નરેન્દ્ર મોદીનો વ્યવહાર વડાપ્રધાનપદની મર્યાદાને અનુકુળ નથી.કોગ્રેસ પ્રવક્ત રણદીપસિંહ સુરજેવાલાએ રાષ્ટ્રપતિને પાઠવવામાં આવેલો પત્ર ટ્વિટ કર્યો હતો.પત્રમાં વડાપ્રધાનપદ માટે લેવામાં આવતાં શપથનો ઉલ્લેખ કરતાં કહેવામાં આવ્યું છે કે અત્યાર સુધીના તમામ વડાપ્રધાનપદની મર્યાદાનું પાલન કરીને પોતાની જવાબદારીનું વહન કર્યુ છે. એવું વિચારવું પણ મુશ્કેલ છે કેઆપણા જેવા લોકશાહી દેશમાં વડાપ્રધાનપદે બેઠેલી વ્યક્તિ આ પ્રકારની ધમકીભરી ડરાવતી ભાષાનો ઉપયોગ કરે.પત્રમાં પુર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહ ઉપરાંત પી.ચિદમ્બરમ, અશોક ગેહલોત,દિગ્વિજયસિંહ,કમલનાથ,મુકુલ વાસનિક,મોતીલાલ વ્હોરા, અંબિકા સોની, આનંદ શર્મા,એ.કે. એન્ટોની અને અહેમદ પટેલ સહિતના નેતાઓના હસ્તાક્ષર છે.

# આપણા દેશમાં કોઇપણ સમજદાર કે દમદાર વડાપ્રધાન બની શકે : શત્રુધ્ન સિંહા

વડાપ્રધાન મોદી પર ફરી પ્રહાર કરતાં ભાજપ સાંસદ શત્રુઘ્ન સિંહાએ એવુ જણાવ્યુ કે નામદાર,કામદાર, સમજદાર કે દમદાર કોઈપણ વ્યક્તિ વડાપ્રધાન બની શકે છે તેમાં કોઇ મોટી વાત નથી.તેમણે એવો આક્ષેપ કર્યો કે કોગ્રેસ અધ્યક્ષે ઉઠાવેલા મહત્વના મુદ્દાઓનો જવાબ આપવાને બદલે વડાપ્રધાન વિભાજનકારી રાજનીતિમાં ગળા ડુબ છે.રાહુલ ગાંધીની વડાપ્રધાન બનવાની ઇચ્છાની આલોચના કરનાર મોદી પર આશંકા ખડી કરતાં તેમણે કહ્યુ કે રાહુલ ગાંધી ઘણા લોકપ્રિય છે. સંખ્યાબંધ ટ્વિટ કરતાં શત્રુઘ્નસિંહાએ કહ્યુ કે કોગ્રેસ અધ્યક્ષ છેલ્લા થોડા વર્ષોમાં ઘણા પરિપક્વ બન્યા છે.તેઓ લોકપ્રિય છે અને તેઓ વડાપ્રધાન બને તો તેમાં ખોટું શું છે. ભાજપને ટેગ કરીને તેમણે કહ્યુ કે સર, તેમને અમારો અને મીડીયાનો પુરો ટેકો મળ્યો હતો અને હવે તમે નકામા મુદ્દાઓ ઉઠાવી રહ્યા છો. આપણા દેશમાં કોઇપણ વડાપ્રધાન બની શકે.જો કોઇ નામદાર, કે સમજદારની પાસે પર્યાપ્ત સભ્યસંખ્યા અને બહુમતી હોય તો કોઇ પણ વ્યક્તિ વડાપ્રધાન બની શકે છે.

લેડી ડાયેનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ એક પત્તાના ૮ લાખ ૩૨ હજાર રૂપીયા ઉપજ્યા હતા. આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઇટ દ્વારા સાચવી રાખવામાં આવ્યુ હતું.


ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# દેશમાં ભયનો માહોલ, પાકિસ્તાન જેવી હાલત થઇ ગઇ છે : રાહુલ ગાંધી



કર્ણાટકમાં સત્તા મેળવવા ભાજપ નેતા યેદુરપ્પાને ઉતાવળે શપથ લેવડાવવામાં આવ્યા તેને કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ બંધારણના નાટક સમાન ગણાવી હતી.રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે કર્ણાટકમાં બહુમતી વિનાની સરકાર એ લોકશાહી અને બંધારણની હત્યા કરવા સમાન છે.દેશ કર્ણાટકમાં લોકતંત્રની પરાજયનો શોક મનાવવા મજબુર છે.દેશમાં ભયનો માહોલ કોણ પ્રસરાવી રહ્યું છે? ભાજપના સાંસદ કબુલે છે કે તેઓ વડાપ્રધાનની વાત કહેવામાં ડરે છે.

રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ અને સંઘ દેશમાં ભયનો માહોલ સર્જી રહ્યા છે. અને બંધારણની છડેચોક હત્યા કરી રહ્યા છે.ભાજપના સાંસદો ફરિયાદ કરી રહ્યા છે કે તેઓ વડાપ્રધાન સાથે કોઇપણ મુદ્દે વાતચીત કરતાં ડરે છે. આ ડર કોણ ફેલાવી રહ્યું છે. રાહુલે બે દિવસની તેમની છત્તીસગઢના પ્રવાસમાં કહ્યુ હતું કે દેશમાં ભયનો માહોલ સર્જાય રહ્યો છે. પાકિસ્તાન જેવી હાલત ભારતમાં સર્જાય રહી છે.સાંસદો અને ધારાસભ્યો જો યોગ્ય રીતે કામ ન કરે કે પ્રજાના કલ્યાણના કામ ન કરે તો તેમને પાછા બોલાવવાના લોકોના અધિકારની રાહુલ ગાંધીએ તરફેણ કરી હતી.રાહુલે કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટના જજ આજકાલ ફરિયાદ કરે છે કે તેમને ડરાવવામાં આવે છે અને ધમકાવવામાં આવે છે. તેમજ દબાણ હેઠળ કામ કરવાની ફરજ પડાય છે.ભારતમાં ૭૦ વર્ષમાં પહેલી વાર આવું થઈ રહ્યું છે.

રાહુલે કહ્યુ હતું કે કર્ણાટકમાં બહુમતી વિનાની સરકાર બંધારણની હત્યા સમાન છે.ભાજપ ખોખલા વિજયની ઉજવણી કરી રહ્યો છે ત્યારે ભારત લોકશાહીના પરાજયનો શોક મનાવી રહ્યો છે.

# ગાંધી જયંતિ નીમિત્તે રેલ્વેમાં નોનવેજ નહી પીરસવામાં આવે :શાકાહારી દિવસ તરીકે ઉજવાશે

રેલવે મંત્રાલયે કેન્દ્ર સરકાર પાસે ગાંધી જયંતિના દિવસે એટલે કે બીજી ઓક્ટો. રેલવેમાં નોન વેજ(બીનશાકાહારી) ભોજન ન પીરસવામાં આવે એવી ભલામણ કરી છે. જો આ પ્રસ્તાવ સ્વીકારી લેવામાં આવે તો હવે રાષ્ટ્પિતા મહાત્મા ગાંધીની જયંતિના આ દિવસને માત્ર સ્વચ્છતા દિવસ નહીં પણ તેને વેજેટેરીયન ડે તરીકે પણ મનાવવામાં આવશે.રેલવેનું આ સુચન રાષ્ટપિતા પ્રત્યે સન્માન દર્શાવવા માટે મોકલવામાં આવ્યું છે કેમ કે મહાત્મા ગાંધી શાકાહારના જોરદાર સમર્થક હતા.

કેન્દ સરકાર મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતિને ખાસ મનાવવા માટે અત્યારથી તૈયારી કરી રહી છે.આ તૈયારીઓને જોતાં રેલવેએ એ પ્રસ્તાવ રાખ્યો છે કે કે ૨૦૧૮થી ૨૦૨૦ સુધી રેલવેમાં અને રેલવે પરિસરમાં બીજી ઓક્ટો. મુસાફરોને નોનવેજ ભોજન ન પીરસવામાં આવે. જો કે ગાંધીજી તેમના આશ્રમમાં નોનવેજ ખાનારા મહેમાનો માટે આવું ભોજન તૈયાર કરાવ્યુ હતું તેવું ઇતિહાસના પાને કંડારાયેલું છે.


જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬




## કેરાલામાં ત્રણ ખ્રિસ્તી પ્રાર્થના ઘરો,કબ્રસ્તાન પર હુમલાઓ બાદ ખ્રિસ્તી સમાજે વિરોધ નોધાવ્યો

કેરાલામાં ત્રણ ખ્રિસ્તી પ્રાર્થના ઘરો પર છેલ્લા બે અઠવાડિયામાં થયેલા હુમલાઓ અંગે સાજન કે જ્યોર્જ,પ્રેસિડેન્ટ, ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયને વિરોધ નોધાવ્યો હતો. અને આવા હુમલાઓ કરનાર સામે સખ્ત કાર્યવાહી કરવા માટે સરકારને અપીલ કરી હતી.તાજેતરમાં થયેલા ખ્રિસ્તી કબ્રસ્તાન કે જે ઉક્કીનડકા,કસારાગોડ ખાતે આવેલું છે.ત્યાં કેટલાક અજાણ્યા હુમલાખોરો પહોચી ગયા હતા અને ત્યાં આવેલા ક્રોસ જે કબરો પર લાગેલા હતા તેને તોડી પાડ્યા હતા.સાત જેટલી કબરોને પણ નુકશાન પહોચાડ્યું હતું.

બીજી એક ઘટનામાં જેને લાગોસ પાસ્ટરોલ સેન્ટર, કે જે નયાટટીનકારા માં આવેલું છે તેમાં તોડફોડ કરવામાં આવી હતી.બારીઓ અને દરવાજાઓ તોડી નાંખવામાં આવ્યા હતા.આ પથ્થરમારો કરવામાં આવ્યો ત્યારે ત્યાં ધોરણ ૧૨ના ક્લાસના વિદ્યાર્થીઓને કે જેની સંખ્યા ૧૫૦ની હતી તેને એક પાદરી અને બે નન્સ શિક્ષણ આપી રહ્યા હતા.

આ પહેલા ૧ એપ્રિલના દિવસે પણ હુમલો કરવામાં આવ્યો હતો.ફાધર એમ.કે.વર્ગીસ, જે સેંટ જ્યોર્જીયસ ઓફ પુન્નામુડુ ચર્ચ કે જે અલપાઉઝા ડીસ્ટીકમાં આવેલું છે ત્યાં તેમને ચર્ચમાં મધ્યરાત્રિએ જતાં રોકવામાં આવ્યા હતા અને તેમનું અપમાન કરવામાં આવ્યુ હતું.ચર્ચ ખાતેના અન્ય અધિકારીઓએ તેમને બચાવ્યા હતા.પોલીસે આ બાબતે ત્રણ લોકોની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા લોકોનું કહેવું હતું કે વિકાર તેમની પાસેથી કબ્રસ્તાન માટેની જમીન ખરીદવા માંગતા હતા.

કેરાલામાં કેટલાક કટ્ટરવાદીઓ ખ્રિસ્તીઓને હવે પોતાના નિશાન બનાવી રહ્યા છે. કારણકે રાજકીય રીતે તેઓ ડાબેરી સામ્યવાદીઓ સામે પોતાની પહોચ મજબુત કરી શક્યા નથી. તેથી હિદુત્વને નામે તેઓ ખ્રિસ્તીઓ સામે લડાઈ તેજ કરીને અન્ય હિન્દુઓનો સાથ મેળવવા માટે પ્રયત્નશીલ છે. ખ્રિસ્તી સમાજે આવા તત્વોને જેર કરવા માટે સરકારને અપીલ કરી છે.

આ પ્રકારની રીત ભારતીય લોકશાહી માટે શરમજનક છે.આવા કરાઇ રહેલા હુમલાઓ ખ્રિસ્તી વિશ્વાસ સામેના નથી પરંતુ ખ્રિસ્તીઓ વિરુધ્ધ ઉભી કરાઇ રહેલી એક પ્રકારની રાજરમત છે.જે ભારતની લોકશાહી માટે ખતરા સમાન છે.બિનસાંપ્રદાયિક દેશ માટે આવી બાબતો દેશનું સાંસ્કૃતિક અને સામાજીક સ્ટેટસને ગંભીર રીતે નુકશાન પહોચાડી રહ્યું છે.કેટલાક હિદુત્વ કટ્ટરવાદીઓ માટે લઘુમતિ ખ્રિસ્તીઓ અને તેમની સંસ્થાઓ ખુબજ સરળ ટાર્ગેટ આ દેશમાં બની રહ્યા છે જે આઘાતજનક છે.

## દેશમાં સંકટ હોવાથી શુક્રવારનું વ્રત કરો : આર્કબિશપનો પત્ર

દેશમાં અશાંત રાજકીય સ્થિતિ,ધર્મનિરપેક્ષતા સામે સંકટ અને ૨૦૧૯ની સામાન્ય ચુંટણી માટે દિલ્હીના આર્ક બિશપે પત્ર લખીને ખ્રિસ્તી સમુદાયને દર શુક્રવારે વ્રત કરવાની અપીલ કરી છે. જો કે આ અપીલ અંગે ભાજપ તરફથી ભારે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે.આ પત્રના સંદર્ભમાં ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યુ હતુ કે તેમને આવા કોઇ પત્રની જાણ નથી. પરંતુ દેશમાં ધર્મના નામે કોઇ ભેદભાવ થતો નથી.તમામ લઘુમતી સમુદાયો સુરક્ષિત છે.

દિલ્હીના આર્ક બિશપ અનિલ જોસેફ કાઉટોએ દિલ્હીના તમામ ચર્ચ અને પાદરીઓને પત્ર લખીને કહ્યુ છે. આપણે એક અજીબ રાજકીય માહોલમાં રહીએ છીએ જેના કારણે આપણાં બંધારણના લોકતાંત્રિક મુલ્યો અને દેશની ધર્મનિરપેક્ષ છબી પર સંકટ જોવા મળ્યું છે.તેમણે તમામ ખ્રિસ્તીઓને આગ્રહ કર્યો છે કે તેઓ દેશમાં એક વર્ષની અંદર થનારી ચુંટણીને ધ્યાનમાં લઈને રાજનેતાઓ માટે વ્રત રાખે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## મોદીની વિરુધ્ધ બોલ્યા એટલે બોલિવુડની ફિલ્મો મળવાનું બંધ થયું : પ્રકાશ રાજ

હિન્દી અને દક્ષિણની ફિલ્મોના પ્રખ્યાત ચરિત્ર અભિનેતા પ્રકાશ રાજે આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુધ્ધ બોલવાથી બોલિવુડમાંથી તેમને મળતી ફિલ્મો બંધ થઇ ગઇ છે.પ્રકાશ રાજ છેલ્લા અનેક મહિનાથી નરેન્દ્ર મોદી સરકાર અને ભાજપના રાજકારણનો આકરો વિરોધ કરી રહ્યા છે. પ્રકાશે કહ્યુ હતું કે ગત વર્ષે ઓક્ટો.માં પ્રથમ વખત હું પીએમ મોદીની વિરુધ્ધ બોલ્યો હતો અને ત્યારથી જ બોલીવુડે મને હાંસિયામાં ધકેલી દીધો છે. સાઉથમાં મારાથી કોઇ સમસ્યા નથી. પરંતુ બોલિવુડમાંથી ઓફર બંધ થઇ ગઇ છે.

જો કે રાજની તેની કોઇ ચિંતા નથી.કેમકે તેમની પાસે પૈસાની કોઇ કમી નથી.મોદી પર પ્રકાશનું નિવેદન તે વખતે ચર્ચામાં આવ્યું હતું જ્યારે તેમણે લેખક ગૌરી લંકેશની હત્યા બાદ વડાપ્રધાનની ચુપકીદી પર સવાલો ઉઠાવ્યા હતા.ગત વર્ષે સપ્ટે.માં ગૌરી લંકેશને બેગાલુરમાં તેમના ઘરની બહાર જ કેટલાક અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારી દીધી હતી.માર્ચમાં ખાસ તપાસ ટીમે આ કેસમાં એક માણસની ધરપકડ કરી હતી. લંકેશ અને પ્રકાશ સારા મિત્રો હતા.પ્રકાશ રાજે કહ્યુ હતું કે પીએમ મોદીએ પોતાની વાતોથી દેશને આશાનું કિરણ બતાવ્યુ હતું.પરંતુ અત્યાર સુધી કાંઇ જ થયું નથી. ભાજપના નેતા જુની વાતો કરે છે. નહેરુએ શું કર્યુ ? ટીપુ સુલ્તાને શું કર્યુ ? તેવા સવાલો કરીને મુળ મુદ્દાથી લોકોનું ધ્યાન બીજે વળાઇ રહ્યું છે.તેમણે કહ્યુ હતું કે રાજે અગાઉ એવું નિવેદન કર્યુ હતું કે વડાપ્રધાન મોદી તેમનાથી પણ ઉત્તમ એકટર છે.હાલમાં રાજ કર્ણાટકમાં ભાજપ વિરોધી પ્રચારમાં જોડાયેલા છે.

## કર્ણાટકના ગર્વનર વજુભાઇ વાળાએ ભાજપની તરફેણ કરી હતી : શિવસેના

બહુમતી પુરવાર કરવા માટે ભાજપના મુખ્ય પ્રધાન બી.એસ.યેદુરપ્પાને ૧૫ દિવસ આપવાના નિર્ણયે દર્શાવ્યુ હતું કે કર્ણાટકના ગર્વનર વજુભાઇ વાળાએ ભાજપની તરફેણ કરી હતી. એમ શિવસેનાએ જણાવ્યુ હતું.શિવસેનાએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ પાસેથી નાણાંની કોથળી અને અન્ય તાકાત હોવાથી કર્ણાટકમાં તે બહુમતી પુરવાર કરવા કોગ્રેસ,જનતાદલ(એસ)ના કેટલાક વિધાનસભાના સભ્યોને ટેકો મેળવી શક્યો હોત.ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી ન હોવા છતાં ગર્વનર વજુભાઇ વાળાએ ઉતાવળે સરકાર રચવાનું નિમંત્રણ આપ્યુ હતું.બહુમતી પુરવાર કરવા ૧૫ દિવસનો સમય આપ્યો હતો.એમ પ્રમુખ ઉદ્વવ ઠાકરેએ સામનામાં જણાવ્યુ હતું.

કેન્દ્રમાં સત્તા હોવાને કારણે ભાજપના નેતાઓને એવી હુંફ હતી કે ગર્વનર પાસેથી આપણી ઈચ્છા મુજબનું કરાવી લેશું અને કેન્દ્ર પોતાની સત્તાનો ઉપયોગ કરીને યેદુરપ્પાની સરકારને ટકાવવા માટે પુરતા પ્રયત્નો કરશે.ભાજપના પ્રમુખ અને વડાપ્રધાનની સાથે અન્ય કાયદાવિદોએ ભરપુર કોશીશ કરી પરંતુ સુપ્રીમ કોર્ટના જજોએ કોઇની શેહશરમમાં આવ્યા વગર ખોટી દલીલો સ્વીકારી નહી અને માત્ર ટુંકા સમયમાં જ શક્તિ પરિક્ષણ માટેનો ઓર્ડર બહાલ કરી દીધો.ટુંકા સમયમાં વિધાનસભ્યોને ખરીદીને પોતાની તરફેણમાં કરવાની તમામ કોશીશો નિષ્ફળ ગઇ તેવુ સાબિત થતાં ફ્લોર ટેસ્ટ પહેલાં જ યેદુરપ્પાએ પોતાના હોદ્દા પરથી રાજીનામું આપ્યુ હતું.અંતે બહુમતી ધરાવતાઓનો વિજય થયો હતો.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.